# વિધવા બહેનોની સમસ્યાઓ: એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

સુરેશ એમ. ચૌહાણ

## ૧. પ્રસ્તાવના

સંશોધન એક પ્રક્રિયા છે. જેમાં સંશોધન પ્રશ્ન પસંદગીના તબક્કાથી શરૂ કરી અહેવાલ લેખનના અંતિમ તબક્કા સુધી વૈજ્ઞાનિક રીતે ચાલે છે. સંશોધનમાં સંશોધકે એવા પ્રશ્નની પસંદગી કરવાની હોય જેનું અનુભવજન્ય જ્ઞાન મળી શકે, અથવા તો તે ઘટનાનું નિરીક્ષણ થઈ શકે. સંશોધનનું મહત્ત્વ દરેક વિજ્ઞાનના વિકાસની પારાશીશી છે તેવું મર્દન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. એટલે કે, જે વિજ્ઞાનમાં સંશોધનનો પ્રવાહ અવિરતપણે ચાલ્યા કરે તેમાં વિજ્ઞાનની નવી-નવી શાખાઓનો વિકાસ દિન-પ્રતિદિન થતો રહે છે. જેનાથી તે વિજ્ઞાનનો વિકાસ થાય છે, તેમજ નવા નવા સિદ્ધાંત અથવા સમસ્યાઓનાં સમાધાન શોધી શકાય છે.

પ્રસ્તુત સંશોધનમાં સામાજિક સંશોધનના વ્યવહારુ પાસાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. જેમાં સ્ત્રીઓનો સમાજમાં નિમ્ન દરજજો તેમાંય જો સ્ત્રી વિધવા હોય તો તેની સમસ્યાઓ તેના દરજજોને વધુ ગંભીર બનાવે છે. ખાસ કરીને હિન્દુ ધર્મમાં સ્ત્રીઓને ધર્મ તેમજ ધાર્મિક માન્યતાઓથી વધુ નજીક ગણાવામાં આવે છે. આવા સંજોગોમાં હિન્દુ ધર્મના કોઈ સ્ત્રી વિધવા થાય તો સમાજનો તેના પ્રત્યેનાં દૃષ્ટિબિંદુમાં ફેરફાર આવતો હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખી પ્રસ્તુત સંશોધનમાં વિધવા સ્ત્રીઓની સમસ્યાઓને સમજવાનો સમાજશાસ્ત્રીય પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ૨. સંશોધન પ્રશ્ન

વિધવા બહેનોની સમસ્યાઓ: એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (અમદાવાદ વિસ્તારને કેન્દ્રમાં રાખીને)

## ૩. સંશોધનના હેતુઓ

૧. વિધવા સ્ત્રીઓની સમસ્યાઓ સમજવી.
૨. વિધવા સ્ત્રીઓની સામાજિક-આર્થિક સ્થિતિ સમજવી.
૩. હિન્દુ ધર્મ સાથે સંકળાયેલ રીવાજોની વિધવા સ્ત્રીઓ પર અસરો તપાસવી.
૪. વિધવા સ્ત્રીઓને સાસરીયા કે પિયર પક્ષ, તરફથી ભેદભાવની અસરો તપાસવી.
૫. હિન્દુ ધર્મમાં વિધવા સ્ત્રીઓનો દરજ્જો જાણવો.

## ૪. સંશોધન પદ્ધતિ

તે પ્રસ્તુત સંશોધનમાં સંશોધન પદ્ધતિ તરીકે ' સર્વેક્ષણ સંશોધન પદ્ધતિના પ્રકારના સેમ્પલ સર્વે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સર્વેક્ષણ પદ્ધતિ એ સમાજશાસ્ત્રમાં પ્રચલિત અભ્યાસ પદ્ધતિ છે. જેમાં મુખ્યત્વે આંકડાકીય માહિતી મેળવવાનો હેતુ રહેલો હોય છે. સર્વેક્ષણ પદ્ધતિના બે પ્રકાર છે. (૧) સેમ્પલ સર્વે અને (૨) સેન્સસ સર્વે જેમાંથી નિદર્શ પસંદગી, સમય મર્યાદા વગેરેને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધનમાં સેમ્પલ સર્વ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૫. સંશોધન પ્રશ્નની પસંદગીના પરિબળો

સંશોધન પ્રશ્ન પસંદ કરવા પાછળના મહત્ત્વના પરિબળમાં સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ સ્ત્રીઓ અને સમાજ વિશેનો જે સમાજશાસ્ત્રીય ખ્યાલ ઉભો થયો તેની સાથે જે સમસ્યાઓ ભાયા તેને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન પ્રતિ પસંદગીનું પરિબળ બની રહે છે.

રોજીંદા જીવનના આસ-પાસ રહેતા કે સંબંધીઓમાં જે વિધવા સ્ત્રીઓ રહેતી હોય તેમના વિશે તેમની સમસ્યા વિશે ઘણા પ્રશ્નો મનમાં થતા હતા. તે બાબત પણ પ્રસ્તુત સંશોધન પ્રશ્ન પસંદગીનું પરિબળ બની રહે છે.

### ૬. માહિતીના સ્ત્રોત

પ્રસ્તુત સંશોધનમાં માહિતી મેળવવા માટે પ્રાથમિક માહિતીના સોત તરીકે ક્ષેત્રકાર્ય દ્વારા. વિધવા સ્ત્રીબોને રૂબરૂ મળીને માહિતી પ્રાપ્ત કરવામાં અાવી હતી. જ્યારે ગૌણ માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આમ પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક અને ગૌણ એમ બંને પ્રકારની માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે માહિતીના સાત કહેવાય છે:

### ૭. નિદર્શ પસંદગી

પ્રસ્તુત સંશોધન સેમ્પલ સર્વે પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યો છે. માટે નિદર્શ મેળવવાની આવશ્યકતા ઉભી થાય છે. જેમાં નિદર્શ પસંદગી માટે બીનસંભાવનાત્મક નિદર્શ દ્વારા હેતુપૂર્વકનું અને ઉપલબ્ધ નિદર્શની રીતે નિદર્શ મેળવવામાં સાવ્યાં હતા. આમ વિધવા સ્ત્રીઓ જે પરિચિતમાં હોય તેમને એક પછી એક રૂબરૂ મુલાકાત મેળવીને નિદર્શ પ્રાપ્ત કરવામાં આવ્યું હતું.

### ૮. માહિતી મેળવવાની પ્રયુક્તિ

સર્વેક્ષણ પદ્ધતિમાં સેમ્પલ સર્વે સાથે નિદર્શનો ખ્યાલ સંકળાયેલો છે. તેવી જ રીતે માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિનો ખ્યાલ સંકળાયેલો છે. પ્રસ્તુત સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ તરીકે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ પ્રશ્નોની, યાદી તૈયાર કરી માર્ગદર્શકશ્રી સાથે ચર્ચા કરી મુલાકાત અનુસૂચિને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

### ૯. સંશોધન દરમ્યાન થયેલા અનુભવો

### ૯.૧ સંશોધન પ્રશ્નની પસંદગી સમયે થયેલ અભ્યાસ

વિદ્યાર્થી તરીકે અમારું આ પ્રથમ સંશોધન હતું. તેથી કેવા પ્રકારના પ્રશ્નો સંશોધન કરવા પસંદ કરી શકાય તેની ઘણી માનસિક ખેંચતાણ હતી. આ સંશોધન ગૃપમાં થયું હતું. તેથી સંશોધનમાંદરેક વિદ્યાર્થીએ જુદા જુદા મુદાઓ તૈયાર કર્યા હતા. પરંતુ સંશોધનમાં સમાજશાસ્ત્ર કયાં આવે છે તેનો અર્થ નહોતો સમજી શક્યો તેથી માર્ગદર્શકની ચર્ચાને આધારે સંશોધનકાર્ય માટે છેલ્લે પ્રસ્તુત પ્રશ્ન પસંદ કર્યો. આ દરમ્યાન અનુભવ થયો કે સંશોધન મગજને કસવાની પ્રક્રિયા સમાન છે.,

### ૯.૨ ક્ષેત્રકાર્ય દરમ્યાન થયેલ અનુભવ

વિધવા સ્ત્રીઓ પાસે જ્યારે અમે માહિતી મેળવવા માટે જતા, ત્યારે ઘણી વિધવા સ્ત્રીઓ માહિતી આપવા તૈયાર નહોતી ઘણીવાર કટુંબના અન્ય સભ્યોની હાજરીને કારણે સ્ત્રીઓ માહિતી આપવાનો ઈન્કાર કરતી હતી. પરંતુ તે સમયે અનુભવ થયો કે વિધવા સ્ત્રીઓનું જીવન અન્ય લોકો પર આધારિત હોય છે.

### ૯.૩ માહિતીના વર્ગીકરણ અને વિશ્લેષણ દરમ્યાન થયેલ અનુભવો

માહિતીનું વિશ્લેષણ અને વર્ગીકરણ અમારા માટે નવું હતું જેના કારણે પ્રથમ તો કઈ સમજ નહોતી પડતી કે શું કરવાનું પરંતુ ભરાવેલી મુલાકાત અનુસૂચિને માર્ગદર્શકને બતાવ્યા બાદ તેમના માર્ગદર્શન હેઠળ કોક બનાવવાનું કામ કર્યું હતું. આ દરમ્યાન એવો અનુભવ થયો કે સંશોધન કાર્ય મહેનત, સમય અને ધીરજ માગી લેતી પ્રક્રિયા છે.

### ૧૦. પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ

૧. સંશોધન કરતા શીખવું તે પ્રસ્તુત સંશોધનનું મહત્વ છે. જેમાં સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે સંશોધનની પ્રક્રિયા સમજવી. સંશોધન સાથે સંકળાયેલા જુદા જુદા મુદ્દાઓ વિશે સમેજ મેળવવી તેમજ સંશોધન પદ્ધતિઓને ઉપયોગ કરતા શીખવું.
૨. વિધવા સ્ત્રીઓનું સમાજમાં કેવું સ્થાન છે તેને સમજવાનું મહત્વ
૩. સમાજશાસ્ત્રમાં થતા સંશોધનોમાં વધારો કરવાનું મહત્ત્વ

૪. ભવિષ્યમાં આવનાર વિદ્યાર્થીઓને પ્રસ્તુત સંશોધન ઉપયોગી સાબિત થાય તેનું મહત્ત્વ

**૧૧. મર્યાદાઓ**

૧. પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થી કક્ષાનું હોવાને કારણે પ્રથમ સંશોધનનો અનુભવ નહોતો તે બાબત મર્યાદા બની રહે છે.
૨. આટલું ઓછું નિદર્શ જેના તારણો સર્વસમાજને લાગુ ના પાડી શકાય તે પણ એક મર્યાદા છે.
૩. માત્ર શહેરમાં વસવાટ કરતી વિધવા સ્ત્રીઓનો સમાવેશ થયો છે. ગામડામાં વસવાટ કરતી સ્ત્રીઓને કેવા પ્રકારની સમસ્યા ભોગવવી પડતી હશે તેની સમજ નથી મેળવી તે એક મર્યાદા છે.
૪. માત્ર હિન્દુ ધર્મની વિધવા બહેનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેની અન્ય ધમોમાં વિધવા બહેનોને કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે, તેની જાણકારી નથી મૅળવી તે પણ એક મર્યાદા છે.
૫. અભ્યાસક્રમમાં ઓછો સમય પણ એક મર્યાદા બની રહે છે.

**૧૨. તારણો**

પ્રસ્તુત સંશોધનમાં હિન્દુ સમાજમાં સ્ત્રીઓની સમસ્યા તપાસતા હિન્દુ સમાજમાં પરંપરાગત રીતે આજે પણ યોગ્ય પ્રમાણમાં સામાજિક પ્રસંગોમાં સ્ત્રીઓનું માન-સન્માન ઠીક-ઠીક પ્રમાણમાં જોવા મળે છે. આજે પણ ૩૦ % વિધવા સ્ત્રીઓને તેમના કુટુંબ સામાજિક પ્રસંગોમાં માન-સન્માન જળવાતું નથી.

૧. ભારતીય સમાજમાં પરંપરાગત રીતે સ્ત્રીઓ કુરિવાજોનો ભોગ બનતી જોવા મળે છે, પ્રસ્તુત અભ્યાસમાં વિધવા સ્ત્રીઓ આજે વર્તમાન સમયમાં પણ વિધવા સ્ત્રીઓ સમાજમાં બનતા કુરિવાજો અને માન્યતાઓનો ભોગ બનતી જોવા મળે છે.
૨. હિન્દુ સમાજમાં વિધવા સ્ત્રીઓને આજે પણ ૫૦% સ્ત્રીઓને ભરણ -પોષણ માટે સહાય મળતી નથી. અને પોતાના ભરણ-પોષણ માટે  નોકરી કરતી જોવા મળે છે. આજે પણ વિધવા સ્ત્રીઓને પોતાના ભરણપોષણ માટે સમાજમાં સંઘર્ષ કરતી જોવા મળે છે.
૩. પ્રસ્તુત સંશોધનના આધારે કહી શકાય કે ભારતીય હિન્દુ સમાજમાં વિધવા સ્ત્રીઓને આજે પણ પુનઃલગ્ન માટે સંમતિ મળતી નથી. આજે પણ વિધવા પુનઃલગ્ન માટે સમાજમાં સંમતિ બહુ ઓછી જોવા મળે છે.
૪. હિન્દુ સમાજમાં વિધવા સ્ત્રીઓને અમુક પ્રકારનાં કપડા પહેરવાં, અમુક પ્રકારનું ચરણ કરવું ન કરવું વગેરે રહેણીકરણી અંગેના વિવિધ નિયમ વિધવા સ્ત્રીઓને પાળવા પડે છે.
૫. વિધવા સ્ત્રીઓ મોટાભાગે ૯૦% સ્ત્રીઓ તેના પતિનાં મૃત્યુ બાદ પતિગૃહે જ નિવાસ કરતી જોવા મળે છે.
૬. પ્રસ્તુત અભ્યાસને આધારે કહી શકાય કે વર્તમાન સમયમાં વિધવા સ્ત્રીનાં ભરણપોષણ માટે તેનાં પતિગૃહથી આર્થિક સહાય મળતી જોવા મળે છે.
૭. આજે પણ હિન્દુ સમાજમાં વિધવા સ્ત્રીઓને તેમના ચારિત્ર્ય અંગે ટીકાનો ભોગ બનવું પડતું. હોય છે.
૮. પ્રસ્તુત સંશોધનના આધારે કહી શકાય કે  મોટાભાગની વિધવા સ્ત્રીઓ પોતાના પતિગૃહે રહેતી હોવા છતાં પણ કુટુંબના અન્ય સભ્યો તેમના પ્રત્યેનો વ્યવહાર સારો જોવા મળે છે. પરંતુ નોકરી કે વ્યવસાયના સ્થળે ૨૦% સ્ત્રીઓને શારીરિક કે માનસિક  સતામણીનો ભોગ બનવો પડે છે.
૯. વિધવા સ્ત્રીઓને પતિની સંપત્તિ બાબતે છેતરપીંડીનો ભોગ બનવુપડતું હોય તેવું ૨૦% પ્રમાણ જોવા મળે છે. આમ સાથે સાથે વિધવા સ્ત્રીઓને શક્તિ, સંપતિ તથા કામવાસનાનો કે હિંસાનો ભોગ બનતું જોવા મળે છે. .
૧૦. વિધવા સ્ત્રીઓને જેઓ આર્થિક રીતે સદ્ધરતા ધરાવે છે તેથી સ્ત્રીઓ મોટાભાગે કોઈના કોઈ પ્રકારની હિંસા કે શારીરિક-માનસિક
૧૧. સતામણીનો ભોગ બનવું પડે છે.
૧૨. ભારતીય હિન્દુ સમાજમાં વિધવા સ્ત્રીઓના સ્વાભિમાન ઘવાયું હોય તેવા પ્રસંગો આજપણ,- બનતા જોવા મળે છે. સાથે સાથે સમાજમાં વિધવા સ્ત્રીઓને આજે પણ આભૂષણો પહેરવાની મનાઈ જોવા મળે છે. .
૧૩. ભારતીય હિન્દુ સમાજમાં વિધવા સ્ત્રીઓનાં સંતાનોને પણ કોઈના કોઈ પ્રકારનાં દુરવ્યવહારનો ભોગ બનવું પડતું જોવા મળે છે.
૧૪. આજે પણ વિધવા સ્ત્રીઓ સંતાનોની સમાજમાં સ્થિતિ નિમ્ન હોય તેમ જોવા મળે છે.

૧૫. વર્તમાન સમયમાં હિન્દુ સમાજમાં વિધવા સ્ત્રીઓ માટે સરકાર દ્વારા તેમના સ્થાનમાં સુધારો લાવવા તથા વિધવા સ્ત્રીઓ પણ સમાજમાં માનભેર જીવી શકે તેને માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકે છે. પણ આજે પણ મોટાભાગની સ્ત્રીઓ આવી યોજનાનો લાભ લઈ શકતી નથી કે લેતી નથી.

૧૬. પ્રસ્તુત સંશોધનના આધારે કહી શકાય કે હિન્દુ ભારતીય સમાજમાં આજે પણ વિધવા સ્ત્રીઓ સમાજમાં બંધનો કુરિવાજો, માન્યતાઓનો ભોગ બનતી જોવા મળે છે. સાથે સાથે વિધવા સ્ત્રીઓ સાથે શારીરિક -માનસિક ત્રાસ તથા હિંસાનો ભોગ બનવું પડે છે અને આવી વિધવા સ્ત્રીઓનો સમાજમાં ઘણીવાર તેમના ચારિત્ર્ય ઉપર પણ શંકાનો ભોગ બનતી જોવા મળે છે.

**સંદર્ભ સૂચી**

૧. જોશી, વિદ્યુત અને અનિલ વાઘેલા (૨૦૧૨). મહુઆના એક કુટુંબનો અભ્યાસ
૨. શાહ, વિમળ પી. (૧૯૯૦). સંશોધન ડીઝાઈન
૩. શાહ, એ.જી. અને જે. કે. દવે લગ્ન કુટુંબ અને સગપણ સંબંધ
૪. દેસાઈ, અક્ષયકુમાર અને નીરા દેસાઈ સયુંકત કુટુંબ વ્યવસ્થા